# ખેડબ્રહ્મા તાલુકા સરપંચ એસોસીએશન દ્વારા વિકાસના કામો અંગે ટીડીઓને આવેદન


(તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)

## બંધ હેન્ડપંપ, રસ્તા, ઈન્દિરાઆવાસ, પાણી પુરવઠો તથા ગામતળના પ્રશ્ન અંગે ૧૫ કરતાં વધુ સરપંચની ઉગ્ર રજુઆત

ખેડબ્રહ્મા, તા. ૨

ખેડબ્રહ્મા તાલુકા સરપંચ એસોસીએશન દ્વારા ખેડબ્રહ્મા તથા પોશીના તાલુકાના વિકાસના કામો, ઈન્દિરાઆવાસના વર્ક ઓર્ડર તથા પીવાના પાણી સહીતના આઠ પ્રશ્નો સાથે ટીડીઓને આવેદન પત્ર આપી વિકાસના કામો સત્વરે શરૂ કરવા ઉગ્ર માંગણી કરી છે. ખેડબ્રહ્મા તાલુકા સરપંચ એસોસીએશનના પ્રમુખ વિનોદભાઈ પી. પટેલ તથા અન્ય સરપંચના જણાવ્યા અનુસાર ખેડબ્રહ્મા-પોશીના તાલુકાના વિકાસના કામો અટકી જવા પામ્યા છે. આ કામો સત્વરે શરૂ કરવા તથા પીવાના પાણીની વિકટ સમસ્યા અંગે સોમવારના રોજ ટીડીઓને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. આવેદનપત્રમાં જણાવ્યા અનુસાર ઉનાળામાં બંને તાલુકામાં પીવાના પાણીનો પ્રશ્ન સળગતો પ્રશ્ન છે. પીવાના પાણી માટે લોકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડે છે. દેરોલ વાલરણ, નાકા, હીગટીયા, કલોલ, ખેડવા ખેરોજ, જેવાગામોમાં અંદાજે ૫૦૦ હેન્ડપંપ છે પણ તેમાંથી અડધો અડધ શોભાના ગાંઠીયા સમાન છે. જે ઘણા સમયથી બંધ હાલતમાં છે. જેનું રીપેરીંગ કરવામાં આવતું નથી. ઈન્દિરા આવાસ અંતર્ગત ૩૭૧૦ લાભાર્થીઓનાં મંજુર કરવામાં આવ્યા. વર્ક ઓર્ડર આપવામાં આવ્યા છે બાકીના લાભાર્થીઓ તાલુકા પંચાયતના ધક્કા સમય અને નાણાંનો વ્યય થઈ રહ્યો છે. વળી ઈન્દિરા આવાસના ૧૦-૧૧ અને ૧૨-૧૩ના હપ્તા હજુ સુધી ચુકવવામાં આવ્યા નથી.

ગામતળના પ્રશ્નોની ફાઈલોનો ત્રણ ચાર વર્ષથી ટીડીઓ દ્વારા વિકાસ કરવામાં આવતો ન હોવાનો આવેદનમાં આક્ષેપ કરવામાં આવ્યો છે. ખેડવા જળાશયના પાણીથી મટોડા આગીયા-ગુંદેલ અને ઉંચીધનાલના તળાવ ભરવાની પણ માગણી કરવામાં આવી છે. આ ઉપરાંત મગ-મગફળી અને દિવેલાની ૭૫ ટકા સહાય તાલુકા પંચાયત હેડેથી આપવામાં આવે છે. આ વાવેતર કીટ સાચા લાભાર્થીઓને મળતી ન હોવાની પણ રજુઆત કરવામાં આવી છે. આ ઉપરાંત પાણી પુરવઠાના કામ - રસ્તાના કામ પણ શરૂ કરવાની માંગણી સાથે આ આવેદનપત્રની નકલ પ્રાપ્ત અધિકારી-પ્રભારી મંત્રીને મોકલવામાં આવી છે.

આ અંગે ખેડબ્રહ્મા ટીડીઓ કે. જે. પટેલે જણાવ્યું હતું કે વિકાસના કામોની જાણ જે તે શાખાને કરવામાં આવશે. ગામતળના પ્રશ્નોની ફાઈલ જિલ્લામાં મંજુર થતી હતી જે કામગીરી તાલુકામાં ફાળવવામાં આવતા ઘટતુ કરવામાં આવશે.

## હિંમતનગરમાંથી ૪૦ પશુની ચોરી કરનાર ટોળકીનો મુખ્ય સુત્રધાર ઝડપાયો

સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં છેલ્લા કેટલાક સમયથી રાત્રી દરમિયાન ખેતર અને કુવા પર બાંધેલ પશુઓની ચોરીના બનાવો વધી રહ્યા હતા તેને લઈને સાબરકાંઠા જિલ્લા પોલીસ વડા ચિરાગ કોરડીયા અને નાયબ પોલીસ અધિક્ષક જ્યોતિ પંકજ પટેલની સુચનાથી જિલ્લા લોકલ ક્રાઈમ બ્રાંચના પીઆઈ જે. એમ. આલ અને તેમના સ્ટાફના નાથાભાઈ દેસાઈ, વિનોદ રાઠોડ, કૌશિક વ્યાસે બાતમી આધારે વોચ કરીને મૂળ અરવલ્લી જિલ્લાના મોડાસાના ચાંદ ટેકરી ખાતેનો રહેવાસી હાલ હિંમતનગરના માળીના છાપરિયા વિસ્તારમાં પરિવાર સાથે રહેતો પશુચોરી કરીને કતલખાને વેચાણ કરતો મુખ્ય જાવેદભાઈ નુરખાભાઈ મુલતાનીને રવિવારે રાત્રીના પકડી પાડ્યો હતો જેની સઘન પુછપરછ કરતા સાબરકાંઠા અને અરવલ્લીમાં ૧૫ સ્થળેથી ૪૦ જેટલા પશુની ચોરી કરી મોડાસામાં ચાંદ ટેકરી ખાતે વાહન દ્વારા લઈ જઈને ત્યાંથી ટ્રક મારફતે જયપુરના વેપારીને કતલખાને મોકલતા હોવાનું કબુલ્યું હતું અને આ ચોરીમાં તેની સાથે સાતથી વધુ લોકો હતા તેની પણ તેણે કબુલાત કરી હતી.

# પ્રાંતિજમાં પોલીસની આબરૂના ધજાગરા ઉડ્યા : છેલ્લા એક મહિનામાં ૧૦મી ચોરી

પ્રાંતિજ, તા. ૨

છેલ્લા કેટલાક દિવસથી પ્રાંતિજના લોકોની નિંદર હરામ થઈ ગઈ છે. કાળઝાળ પડતી ગરમીના કારણે રહિશો ઠંડક મેળવવા રાત્રે ધાબા ઉપર સૂતા હોય છે ત્યારે તસ્કરો દ્વારા મકાનોને નિશાન બનાવવામાં આવે છે. પ્રાંતિજ પોલીસે પણ હથિયાર હેઠા મુકી દઈ તસ્કરો સામે ઘુંટણીયે પડી ગઈ હોય તેવું લાગી રહ્યું છે. વધતા જતા ચોરીના કારણે પોલીસની શાખ પણ ખરડાઈ છે.


(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

છેલ્લા એક મહિનાથી પ્રાંતિજના અલગ-અલગ વિસ્તોરમાં તસ્કરો દ્વારા ચોરી કરવામાં આવી રહી છે ત્યારે રવિવારની મધ્ય રાત્રીએ નગરની ગ્રીનપાર્ક સોસાયટીમાં રહેતા ભટ્ટ આશિષ ભગવતી પ્રસાદ તેમના પરિવાર સાથે ધાબા ઉપર મીઠી નિંદર માણી રહ્યા હતા તે દરમિયાન અજાણ્યા લુંટારૂઓ દ્વારા ઘરમાં લુંટ કરવામાં આવી હતી. લુંટારૂઓએ મકાનના મુખ્ય દરવાજે લગાવેલા તાળાને લોખંડની કોસ વડે તોડી ઘરમાં પ્રવેશ કર્યો હતો અને ઘરમાં રહેલી ભગવાન ગણેશજીની ચાંદીની મૂર્તિ, ચાંદીના પગના ઝાંઝર, ચાંદીની ગાય, સિક્કા, ઈમ્પોટેડ ઘડિયાળ, સોનાની મૂર્તિ અને કાનમાં પહેરવાની બુટ્ટી અને



રોકડ સહિત ૧૭,૩૦૦ની મત્તાની ચોરી કરી પલાયન થઈ ગયા હતા. આ ઘટનાની જાણ સવારે આશિષભાઈને થતા પ્રાંતિજ પોલીસ સ્ટેશને અજાણ્યા તસ્કરો વિરૂદ્ધ ફરિયાદ કરવામાં આવી છે.

છેલ્લા એક મહિનાથી ઘરફોડ ગેંગ દ્વારા પ્રાંતિજને બાનમાં લીધુ હોય તેવું લાગી રહ્યું છે. ત્યારે સામાન્ય માણસ સામે લાલ આંખ કરતી પોલીસની આંખ ઘરફોડ ગેંગ સામે કેમ સફેદ છે? લોકોમાં કચવાટ ચાલી રહ્યો છે કે આ પોલીસને ફક્ત હપ્તામાં જ રસ હોય છે ગુનેગારોને પકડવામાં નહિ તેવું લાગી રહ્યું છે.

# ઉંચીધનાલ ગામમાં ૭૦૦ એકરના ગૌચરમાં દબાણ દૂર કરવા રજુઆત

## અબોલ પશુઓને ક્યાં ચરાવવા લઈ જવા તેનો યક્ષ પ્રશ્ન ઉભો થતાં કલેક્ટરના દરવાજા ખટખટાવ્યા

ખેડબ્રહ્મા, તા. ૨

ખેડબ્રહ્મા તાલુકાના ઉંચીધનાલ ગામના ગૌચરની જમીનમાં તથા રસ્તા પૈકીની જમીનમાં બેરોકટોક દબાણ કરવામાં આવતા અબોલ પશુઓને ચરાવવાનો યક્ષ પ્રશ્ન ઉભો થતાં ગામના નાગરીક દ્વારા ગૌચરની જમીન તથા રસ્તા પૈકીનું દબાણ દૂર કરવા કલેક્ટરને લેખીત રજુઆત કરવામાં આવી છે.

ઉંચીધનાલ ગામના રહીશ ડાહ્યાભાઈ માધુભાઈ પટેલે કલેક્ટરને કરેલ લેખિત રજુઆતમાં જણાવ્યા અનુસાર ઉંચીધનાલમાં ૯૦૦ એકરની ગૌચરની જમીન પૈકી હાલ ૨૦૦ એકર ગૌચરની જમીન ખુલ્લી છે. બાકીની ગૌચરની જમીનમાં ગામના મોટા માથા ગણાતા લોકો દ્વારા દબાણ કરવામાં આવ્યું છે. ગામના સર્વે નંબર ૭૧૫ માં સ્મશાન ગૃહ આવેલું છે. તેને અડીને આવેલા ૭૧૪ સર્વે નંબરના માલીકો દ્વારા ગૌચરનું દબાણ કરવામાં આવ્યુ છે. ઉપરાંત સર્વે નંબર ૭૧૬ માં ગામના ઠાકોર સમાજનુ સ્મશાન તથા ગામના વારીગૃહનો કુવો છે. તેની બાજુમાં સર્વે નંબર ૭૧૭ છે તેના માલીકો દ્વારા દબાણ કરવામાં આવ્યું છે. ગામની ૫૦૦ ઘરની વસ્તી છે અને ગામનો દરેક સમાજ ઢોરઢાખરવાળો છે. આ પશુધનને ક્યાં ચરાવવા લઈ જવા તેના વહીવટકર્તાઓ મોટા માથા ગણાતા લોકો દ્વારા કરવામાં આવેલુ ગૌચર તથા રસ્તા પૈકીનું દબાણ દૂર કરવામાં નિષ્ફળ ગયા હોવાનો રજુઆતમાં આક્ષેપ કરવામાં આવ્યો છે. ગામનું ગૌચરનું દબાણ તથા રસ્તા પૈકીનું દબાણ દૂર કરવા કલેક્ટરને લેખિત રજુઆત કરવામાં આવી છે.

આ અંગે ડેપ્યુટી સરપંચ કેતનભાઈ એન. પટેલે જણાવ્યું હતું કે પંચાયતમાં રજુઆત કરવામાં આવશે તો કોઈપણની શેહ-શરમ વગર દબાણ દૂર કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

# પાટણ ખાતે પશુ આરોગ્ય સારવાર કેમ્પને ખુલ્લો મુકાયો

પાટણ, તા. ૨

હારીજ તાલુકાના અડિયા મુકામે દસમો કૃષિ મહોત્સવ ૨૦૧૪ અંતર્ગત સામાજિક અને શૈક્ષણિક વધુ દૂધ ઉત્પાદન મેળવનાર પશુપાલકોને એવોર્ડ વિતરણ તેમજ આંગણવાડીના બાળકોને કેરીનો ટોપલી અર્પણ કરવામાં આવી હતી. કિસાન પોર્ટલ ઉપર રજીસ્ટ્રેશન કરાવી યોજનાના લાભ મેળવવા અનુરોધ કરી સરકારશ્રીની પારદર્શકતા સ્પષ્ટ કરી હતી અને

આ -સંગે ભારતીય જનતા પાર્ટીના પાટણ જિલ્લાના પૂર્વ -મુખશ્રી દશરથજી ઠાકોર, તાલુકા સદસ્ય શ્રી -ધાનજી ઠાકોર, કૃષિ રથ ઈન્ચાર્જશ્રી





પછાત વર્ગ કલ્યાણ,શ્રમ અને રોજગાર,રાજયકક્ષાના મંત્રીશ્રી દિલીપભાઈ ઠાકોરે પશુ આરોગ્ય સારવાર કેમ્પને ખુલ્લો મૂકતાં કિસાન ગોષ્ટીમાં ઉપસ્થિત મોટી સંખ્યામાં ઉપસ્થિત ખેડૂતભાઈ-બહેનોને દેશી ઓલાદની કાંકરેજ અને ગીર



ગાયના પાલન થકી થતા આર્થિક લાભો વર્ણવી, દેશી ગાયના દૂધમાં રહેતા ગુણો સવિસ્તાર સમજાવી ઘરેલુ પશુઓની નસલોની જાળવણી કરી આદર્શ પશુપાલન તરીકે અપનાવી આર્થિક સમૃધ્ધિ તરફ આગળ વધવા આહવાન કર્યુ હતું.

વધુમાં તેઓએ કૃષિ વિકાસનો પાયો એટલે સૂક્ષ્મ પિયત પધ્ધતિ છે.તેમ જણાવતાં પાકોની ઉત્પાદકતા વધારવા તથા જમીનનું સ્વાસ્થ્ય જાળવવા સૂક્ષ્મ પિયત પધ્ધતિ થકી થતા ફાયદાઓ ઝીણવટપૂર્વક સમજાવી સૌને ટપક પિયત પધ્ધતિ અપનાવવા અનુરોધ કર્યો હતો.

આ તબક્કે મંત્રીશ્રીના હસ્તે કૃષિના-૧૩, બાગાયતના-૧૨ અને પશુપાલનના-૨૦ મળી કુલ- ૪૫ લાભાર્થીઓને મહાનુભાવોના વરદ્ હસ્તે કૃષિ કીટ્સ વિતરણ કરવામાં આવ્યા હતા. ૧૨૩ પશુઓને સારવાર અને ૧૫૧૫ પશુઓને રસીકરણ કરવામાં આવ્યું હતુ. ગ્રામસેવકો દ્વારા જમીન ચકાસણી માટે ૭૦૦ ખેડૂતોને ખેતરની માટીના નમુના એકત્રિત કરવામાં આવ્યા હતા

આ -સંગે ઉપસ્થિત જીલ્લા સદસ્યશ્રી કાન્તીભાઈ દેસાઈએ સરકારશ્રીની વિવિધ કલ્યાણકારી યોજનાઓની સમજ આપી કૃષિ મહોત્સવમાં મોટી સંખ્યામાં ખેડૂતો ઉપસ્થિત રહી લાભ મેળવે તેમ જણાવ્યું હતુ. પાટણ જીલ્લા કિસાન મોરચાના -મુખશ્રી મગનભાઈ પટેલે ઉપસ્થિત ખેડૂતોને વૈજ્ઞાનિક રીતે ખેતી તરફ વળવા આહવાન કર્યુ હતું. હારીજ તાલુકા ભારતીય કિસાન સંઘના -મુખશ્રી વાઘજીભાઈએ ખેડૂતોને આઈ ખેડૂત ખાતેદાર અકસ્માત વીમા યોજનાની માહિતી આપી હતી.

આ તબક્કે દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીના વેટરનરી કોલેજના -ધ્યાપકશ્રીએ પશુઓની સાર સંભાળ અને વધુ દૂધ ઉત્પાદન મેળવવાની માહિતી આપી હતી. મદદનીશ ખેતી નિયામકશ્રી શૈલેશભાઈ પટેલે બીટી કપાસ અને દિવેલા પાકની વૈજ્ઞાનિક ખેતી પધ્ધતિની ભલામણો સમજાવી સંકલિત રોગ-જીવાત નિયંત્રણ અપનાવવા ભાર મુક્યો હતો.

કાનજીભાઈ પટેલ, શ્રી નાગજીભાઈ દેસાઈ, બક્ષીપંચ મોરચાના હારીજ તાલુકા -મુખ ઠાકોર શ્રી પોપટજી, કૃષિ વૈજ્ઞાનિક ડૉ. સાલ્વી, નાયબ ખેતી નિયામક સરદાર સરોવર શ્રી આઈ ડી. પટેલ, નાયબ પશુપાલન નિયામક ડૉ. કે. વી. -જાપતિ, તાલુકા વિકાસ અધિકારી લુંગાતર, ખેતી અધિકારી લાલજીભાઈ ઠાકોર, વિસ્તરણ અધિકારી એસ. પી. દૂદખિયા, પદાધિકારીશ્રીઓ સરપંચશ્રીઓ સહિત મોટી સંખ્યામાં ખેડૂતભાઈ બહેનો ઉપસથિત રહ્યા હતા.

## કૃષિ મહોત્સવ પ્રસંગે થરાદ ખાતે ખેડૂત શિબિર યોજાઈ

પાલનપુર, તા. ૨

કૃષિ મહોત્સવની ઉજવણી પ્રસંગે બનાસકાંઠા જિલ્લાના થરાદ મુકામે માર્કેટયાર્ડ ખાતે પૂર્વમંત્રી અને ધારાસભ્યશ્રી પરબતભાઈ પટેલના અધ્યક્ષસ્થાને ખેડુત શિબિર યોજાઈ હતી. આ પ્રસંગે તેમણે પ્રાસંગિક પ્રવચન કરતાં જણાવ્યું હતું કે રાજય સરકારે શરુ કરેલા કૃષિ મહોત્સવ અભિયાનને લીધે ખેડૂતો અને પશુપાલકોની આવક અને સુખાકારીમાં નોંધપાત્ર વધારો થયો છે. તેમણે કહ્યું કે બનાસકાંઠાની ધરતી પર નર્મદાના નીર આવવાથી આ વિસ્તારમાં થી દુષ્કાળે દેશવટો લીધો છે તેમજ રાજય સરકારની વિવિધ સિંચાઈ યોજનાઓને કારણે ખેડુતો ત્રણ ત્રણ પાક લેતા થયા છે અને બાગાયતી પાકોનું જિલ્લામાં વિપુલ પ્રમાણમાં ઉત્પાદન થાય છે. ધારાસભ્યશ્રીએ કહ્યું કે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ શરુ કરેલા વિકાસકામોને શ્રીમતી આનંદીબેન પટેલ આગળ ધપાવી રહ્યા છે. તેમણે કહ્યું કે ખેડુતોને સુખી-સમૃધ્ધ બનાવવા હાથ ધરાયેલ કૃષિ મહોત્સવ અભિયાનને ભારે સફળતા મળી છે. આ અભિયાનથી વિશેષ કરીને રાજયભરના ગ્રામિણ વિસ્તારોમાં સુખમય પરિવર્તન આવ્યું છે.

# તલોદમાં તમાકુ વિરોધી દિન નિમિત્તે જાગૃતિ રેલી યોજાઈ

તલોદ,તા. ૩૧

'તમાકુ વિરોધી દિન' ઉજવણી સૂત્રોચ્ચાર કરતી આ રેલી તલોદ બજારમાં ફરી હતી.


(તસવીર : મગનજી વણઝારા, હિંમતનગર)

અંતર્ગત તલોદ તાલુકા હેલ્થ ઓફિસ દ્વારા આજે તલોદ ખાતે એક રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. તાલુકાના ખેરોલ, પુંસરી, અણિયોડ અને આંત્રોલી પ્રા.આ. કેન્દ્રના તબીબો, આયુષ, ફિમેલહેલ્થ વર્કર, ફિમેલ હેલ્થ સુપરવાઈઝર, મલ્ટિ પરપઝ હેલ્થ વર્કર તથા આશા ફેસિલેટર તાલુકા હેલ્થ વિઝીટર અને તાલુકા આઈ.ઈ.સી. ઓફિસર વગેરે આ રેલીમાં જોડાયા હતા. તા.હે.ઓ. ડૉ. વિ.જે. મુગડએ લીલી ઝંડી આપી રેલીને પ્રસ્થાન કરાવી હતી. બેનર દર્શાવતી અને

અત્રે ઉલ્લેખનીય છે કે, તમાકુના બંધાણીઓમાં જનજાગૃતિ આણવા અને તેમને વ્યસનમાંથી બહાર લાવવાના પ્રયાસરૂપે આ રેલી આયોજીત કરી હોવાનો દાવો તંત્ર કરી રહ્યું છે ત્યારે સવાલ એ થાય છે કે, ૪૩ ડિગ્રી જેટલી ગરમીમાં મધ્યાહન ટાણે નીકળતી રેલી શું પરિણામ લાવશે ખરી ? બીડી-તુમાકુના વ્યસનની ચુંગાલમાં ફસાયેલા તમાકુના બંધાણીઓની નજર સુદ્ધા આ રેલી કે તેના બેનર ઉપર અસરકારક રીતે પડી હશે ? ધોમખતા તાપમાં છાસવારે પ્રસ્થાન પામતી રેલીઓમાં કર્મચારીઓનો જ ઘાણ નીકળી જાય છે. તેમ ભાસી રહ્યું છે. આવી રેલીઓની પ્રથા બંધ કરીને વ્યસનકર્તાઓના હૈયા સુધી પહોંચીને, તેમને વ્યસનો થકી થતા અતિ ભારે નુકશાનીની સમજ આપીને, પ્રેમથી વ્યસનમુક્ત કરાવવા કોઈક નવતર પ્રયોગ હાથ ધરવો જોઈએ તેમ ભાસી રહ્યું છે.

સમૂહલગ્ન જેવા જાહેર સમારંભોમાં બેટી બચાવ અભિયાન અંતર્ગત ભ્રૂણ હત્યા સંદર્ભના લેવડાવવામાં આવતા શપથ જેવું કોઈક આંશિક પણ સફળ થાય તેવું આયોજન કરવું જોઈએ ને સમયની માંગ છે.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

AGL Radhe

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગરવાસીઓના અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય

મોર્ડન મોટર્સ

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર

ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧

સુવિધાઓ

● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ) ● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ, ● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ ● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ

EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર | કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર

પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન